# <u>અહેવાલ</u>

## "Student Sensitisation Program on SSIP 2.0"
## "Entrepreneurship & Innovation"

તારીખ: **12/08/2026**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

**આયોજક: ISIICTL વિભાગ, BAOU**

**(ઇનોવેશન, સ્ટાર્ટ-અપ્સ, ઇન્ટર્નશિપ, ઇન્ક્યુબેશન, કોલેબોરેશન, ટેકનોલોજી અને લિંકેજીસ)**

**સ્થળ: શ્રી એ. કે. પટેલ હાઈસ્કૂલ, ગામ : જાસપુર**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીના પ્રેરણાદાયી માર્ગદર્શન અને ISIICTL વિભાગના ડિરેક્ટર પ્રો. (ડૉ.) મનોજ શાહના દિશાનિર્દેશ હેઠળ, તા. **12 ઓગસ્ટ, 2026**ના રોજ યુનિવર્સિટી દ્વારા દત્તક લેવામાં આવેલ **જાસપુર ગામ, શ્રી એ. કે. પટેલ હાઈસ્કૂલ** ખાતે IIC Activity **"Innovation & Entrepreneurship Outreach Program in School"** અંતર્ગત વિદ્યાર્થીઓમાં ઇનોવેશન, સર્જનાત્મકતા અને ઉદ્યોગસાહસિક વિચારસરણી વિકસાવવા માટે વિશેષ જાગૃતિ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત **ISIICTL વિભાગના પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ શ્રી તેજેન્દ્ર પરમારે** વિદ્યાર્થીઓને Innovation અને Entrepreneurship અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને પોતાની આસપાસની સમસ્યાઓનું અવલોકન કરી **Problem Identification, Idea Generation અને Innovation** દ્વારા તેના વ્યવહારુ ઉકેલો શોધવા માટે પ્રેરિત કર્યા હતા. વિદ્યાર્થીઓને સ્થાનિક પડકારોને નવીન વિચારોમાં પરિવર્તિત કરી સામાજિક તથા આર્થિક અસર ઊભી કરી શકાય તે અંગે સરળ ઉદાહરણો અને પ્રવૃત્તિઓ દ્વારા સમજાવવામાં આવ્યું હતું. આ સાથે વિદ્યાર્થીઓને વિવિધ **Innovation Platforms, Competitions તેમજ Government Skill Development Initiatives** અંગે માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત, **SSIP 2.0** અંતર્ગત વિદ્યાર્થીઓને સમસ્યાઓના નવીન ઉકેલો વિકસાવવા તથા આ ક્ષેત્રે ઉપલબ્ધ વિવિધ **સહાય, માર્ગદર્શન અને તકો** અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા, જેથી તેઓ પોતાના વિચારોને

વ્યવહારુ સ્વરૂપ આપી ભવિષ્યમાં **Innovation, Entrepreneurship અને Startup** ક્ષેત્રે સફળતાપૂર્વક આગળ વધી શકે.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની આસપાસની સમસ્યાઓ અંગે વિચારો રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં "Observe – Identify – Ideate – Innovate"ની ભાવના વિકસાવી તેમને ભવિષ્યના સફળ ઉદ્યોગસાહસિકો અને ઇનોવેટર્સ બનવા માટે પ્રેરિત કરવાનો રહ્યો હતો.

**<u>ફોટોગ્રાફ</u>**




BAOU
Dr. Babasaheb Ambedkar
Open University
CASTLE PINES


SSIP
BAOU
Dr. Babasaheb Ambedkar


SSIP
BAOU Education for All
Dr. Babasaheb Ambedkar Open University
ENTREPRENEURSHIP & INNOVATION


BAOU
Dr. Babasaheb Ambedkar Open University